પરિપત્ર

ક્રમાંક:પરચ/ઓનલાઇન સીસ્ટમ/ટયુશન ફી/૧૦૧૯/ક-૪/૨૩

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી,
નેશનલ હેલ્થ મીશન ભવન, છઠ્ઠો માળ,
સિવિલ હોસ્પિટલ કેમ્પસ,પથિકાશ્રમ હોટલની સામે,
સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૬
gmersadm@gmail.com

તા /૦૭/૨૦૨૩
17 JUL 2023

ccwin: 16446-16461/23

CLICK HERE FOR ONLINE PAYMENT

પ્રતિ,
ડીનશ્રી,
જીએમઇઆરએસ મેડીકલ કોલેજ,
ગાંધીનગર, સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ધારપુર-પાટણ, હિંમતનગર, જુનાગઢ, વડનગર, વલસાડ, રાજપીપળા, ગોધરા, નવસારી, પોરબંદર,અને મોરબી

વિષયઃ ઓનલાઇન સીસ્ટમથી ટયુશન ફી જમા કરાવવા બાબત

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, જીએમઇઆરએસ હસ્તકની તમામ મેડીકલ કોલેજો ખાતે હાલમાં ઓફલાઇન સીસ્ટમથી (ચેક કે ડીમાન્ડ ડ્રાફ્ટ) થી જે તે સંસ્થા દ્વારા વિધાર્થી / વાલીઓ પાસેથી ટયુશન ફી જમા લેતા હોય છે આ પધ્ધતિથી ટયુશન ફી જમા લેવામાં એકસૂત્રતા રહેતી નથી તથા સચોટ વિગતો પણ મળી શકતી નથી.

દરેક કોલેજ તેમના તાબા હેઠળના તમામ વિધાર્થીઓની ટયુશન ફી અંગેના અધતન રેકોર્ડ જેવા કે વિધાર્થીઓએ કયારે અને કેટલી ફી ભરી, કુલ કેટલા વિધાર્થીઓની ફી જમા થઇ, તથા કેટલા વિધાર્થીઓની ફી વસુલવાની બાકી છે જેવી તમામ વિગતો સરળતાથી મળી રહે અને વિધાર્થી/વાલીઓને ફી ભરવામાં ક્રેડીટ કાર્ડ/ડેબીટ કાર્ડ/યુ.પી.આઇ. સીસ્ટમ જેવી સુવિધાઓ મળી રહે તે હેતુસર ઓન લાઇન પેમેન્ટ સીસ્ટમથી ફી ભરવાનું. નિયત કરવામાં આવેલ છે. આ અંગેની બેંકની વિગતો તથા પેમેન્ટ લીંક નીચે મુજબ છે.

બેકનું નામ :- AXIS BANK

બેક એકાઉન્ટ નંબર :- 923010023093446

આઇએફએસસી કોડ નંબર :- UTIB0000510

Payment link :https://formbuilder.ccavenue.com/live/gujarat-medical-education-and-research-society

Company Login:Url : https://formbuilder.ccavenue.com/live/admin

તમામ મેડીકલ કોલેજો ખાતે અભ્યાસ કરતા તબીબી વિધાર્થીઓની ટયુશન ફી સરળતાથી તથા સુચારૂ રીતે મળી રહે તથા તમામ સંસ્થાઓ ખાતે વિધાર્થી/વાલીઓ માન.વડાપ્રધાનશ્રીના "ડીઝીટલ ઇન્ડીયા" ના સંકલ્પ મુજબ ઓનલાઇન સીસ્ટમથી સરળતાથી ફી ભરી શકે અને ફી કલેકસનમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી તાબા હેઠળની તમામ સંસ્થાઓમાં ઓનલાઇન સીસ્ટમથી ફી ભરવા અંગે આ પરિપત્ર કરવામાં આવે છે. તેની અમલવારી તાત્કાલીક અસરથી કરવાની રહેશે.

તમામ જીએમઇઆરએસ મેડીકલ કોલેજોએ પોતાની વેબસાઇટ પર આ લીંકનો બ્લોક બનાવીને વેબસાઇટ પર ડીસ્પ્લે કરવાનું રહેશે. ઉપરાંત વિધાર્થીઓની સગવડ માટે આ લીંક જીએમઇઆર સોસાયટીની વેબસાઇટ પર પણ ડીસ્પ્લે રહેશે. હવેથી તમામ વિધાર્થીઓની ફી ઓનલાઇન ભરવાની રહેશે.

આ અંગે કોઇપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેના માર્ગદર્શન માટે અત્રેની વડી કચેરીના હિસાબી અધિકારીશ્રીને સંપર્ક કરવાનો રહેશે.

માન.ચેરમેનશ્રી, જીએમઇઆરએસની તા.૧૫/૭/૨૦૨૩ની નોંધ પર મળેલ મંજુરી અનુસાર

ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર
જીએમઈઆર સોસાયટી
ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના:-</u>

અંગત મદદનીશશ્રી, માન.ચેરમેનશ્રી (જીએમઇઆરએસ) -વ- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં. ૭/૭ સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના:-</u>

- નાયબ નિયામકશ્રી, (હિસાબ) મજકુર કચેરી ગાંધીનગર તરફ ઘટતી કાર્યવાહી સારૂ.
- પી.એ. ટુ સી.ઇ.ઓ. મજકુર કચેરી